વિના મૂલ્યે

ગુજરાત સરકાર

सत्यमेव जयते

**આદિજાતિ વિકાસ(અનુ.જનજાતિ) ના**

**છાત્રાલયમાં પ્રવેશ મેળવવા અંગેનુ અરજી પત્રક**

વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અહીં ચોંટાડવો

---

પ્રતિ,
આદિજાતિ વિકાસ અધિકારી/મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી,
સરકારી કુમાર/કન્યા છાત્રાલય
જી. . . . . . . . . . . . . . . . .

માન.સાહેબ,

હું કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત સરકારી કુમાર/કન્યા છાત્રાલય. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .મુ. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .પ્રવેશ મેળવવા ઇચ્છુ છું. આ અરજી પત્રકમાં તમામ વિગતો મેં મારી જાતે ભરી છે અને એમાં આપેલ તમામ વિગતો સાચી છે.જો કોઇ ખોટી માહિતી/વિગતો જણાય તો છાત્રાલયમાં મારા પ્રવેશ આપોઆપ રદ થશે તે મને માન્ય રહેશે.ખોટી વિગતો રજુ કર્યા બદલ છાત્રાલયમાં પ્રવેશ રદ કરવા ઉપરાંત જો અન્ય બીજી જે કોઇ કાર્યવાહી કરવામાં આવશે,તે મને માન્ય રહેશે.મારી વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | પૂરૂં નામ અટક સાથે(અટક પહેલા લખવી) | |
| ૨ | પિતા કે વાલીનુ પૂરૂ નામ અને તેમનુ પત્રવ્યવહારનું સરનામુ | |
| ૩ | અકસ્માત કે અણધાર્યા સંજોગોમાં તમારા નજીકના સગા કે સબંધીને જાણ થઇ શકે તે માટે તેમનુ પુરૂ નામ સરનામુ તથા ટેલિફોન/ મોબાઇલ નંબર હોય તો જણાવશો | |
| ૪ | કાયમી સરનામુ | |
| ૫ | પિતા કે વાલીનો ધંધો/વ્યવસાય ની વિગત | |
| ૬ | સને ૨૦ -૨૦ ના વર્ષની કુટુંબની વાર્ષિક આવક | |
| ૭ | અનુ.જનજાતિના સભ્ય હોવા અંગે મારી પેટા જાતિ/ પેટા કોમ (આ અંગે સક્ષમ અધિકારીનો દાખલો રજુ કરવો) | |
| ૮ | જન્મ તારીખઃ | જન્મ સ્થળ તા.<br>જી : |

| | | |
|---|---|---|
| ૯ | પરિણિત કે અપરિણિત | |
| ૧૦ | શૈક્ષણિક વર્ષ ૨૦  -૨૦  ના ચાલુ વર્ષે કઇ કોલેજ અને કઇ ફેકલ્ટી અને વર્ષ(ધોરણ)માં પ્રવેશ મેળવેલ છે તેની વિગતો આપવી. | |
| ૧૧ | ગત વર્ષ ૨૦  -૨૦   માં આપે સરકારી છાત્રાલય/સમરસ છાત્રાલયમાં રહેતા હતા કે કેમ ? | હા/ના |

જો હા,હોય તો નીચેની વિગતો અવશ્ય આપવાની રહેશે.

| ક્રમ | ધોરણ | સમયગાળો | છાત્રાલયનું નામ અને સરનામુ |
|---|---|---|---|
| | | | |

૧૨ શૈક્ષણિક કારકિર્દિની વિગતઃ

ન્યુ એસ.એસ.સીથી શરૂ કરીને છેલ્લે પસાર કરેલ પરીક્ષા સુધીની વિગતો નીચેના પત્રકમાં રજૂ કરવી ( તૂટ પડેલ  હોય તો કારણ દર્શાવવું)

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | શાળા/ કોલેજનું નામ, સરનામુ | પરીક્ષા પસાર કર્યાનુ વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા | પરીક્ષા કેટલા પ્રયત્ને પસાર કરી | મેડી./ એન્જી/ પોલી. ના વિદ્યાર્થીઓ માટે નવે.ડિસે.૨૦ થી એપ્રિલ-મે ૨૦  સુધીના સમયમાં જે સેમ.માં આપેલ પરીક્ષામાં મેળવેલ ક્રેડિટ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

| | | |
|---|---|---|
| ૧૩ | દરેક પરીક્ષાના ગુણપત્રકની ખરી નકલ સામેલ રાખવી. | |
| ૧૪ | તેમજ ગત વર્ષની એન.સી.સી. અથવા એન.એસ.એસ. માં જોડાયા હતા? તેની વિગત આપો. | |
| ૧૫ | છેલ્લે આદિજાતિ વિકાસ ખાતાની શિ.વૃ. કયારે મળી?તેની વિગત આપો. | ધોરણ વર્ષ<br>કોલેજ/શાળાનું નામ મેળવેલ શિ.વૃ.ની રકમ |
| ૧૬ | કોલેજના અભ્યાસ સાથે અન્ય ઠેકાણે અભ્યાસ/વ્યવસાય કે નોકરી કરતા હોય તો તેની વિગત આપો. | |

| | | |
|---|---|---|
| ૧૭ | તમારા પિતા કે વાલી સરકારી નોકરી કરતા હોય તો તેની વિગત સાથે વાર્ષિક આવકનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. | |
| ૧૮ | પોલીટેકનીક,મેડીકલ,ફાર્મસી તથા એન્જી. જુના વિદ્યાર્થીઓએ નીચેની માહિતી અચૂક ભરવી. | |
| | (ક) પોલી./એન્જી./મેડી./ફાર્મસી ના પ્રથમ સેમી. કે પ્રથમ વર્ષમાં કયારે અભ્યાસ કર્યો? તેની વિગત આપવી. | માહે થી માહે સુધી |
| | (ખ) પોલી. ના જુના વિદ્યાર્થીઓ જયારથી રહેતા હોય ત્યા સુધીના સમયમાં કરેલ અભ્યાસની વિગત | ફેકલ્ટીનું નામ<br>સેમેસ્ટર ક્રમાંક |
| | (ગ) એન્જી/મેડી. ના જુના વિદ્યાર્થીઓ જયારથી રહેતા હોય ત્યાં સુધીના સમયમાં કરેલ અભ્યાસની વિગત આપવી. | |
| ૧૯ | અભ્યાસક્રમની વિગત . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .<br>માધ્યમિક,ઉ.મા,સ્નાતક,અનુ.સ્નાતક,મેડીકલ,એન્જીનીયરીંગ,પોલીટેકનીક,ફાર્મશી,આયુર્વેદીક,ડિપ્લોમાં, એન.આઈ.એફ.ટી,ડેન્ટલ,હોમિયોપેથિક,એમ.સી.એ,સી.એ,સી.એસ,આર્ટસ,કોમર્સ,સાયન્સ,ફાઈનઆર્ટસ,એ.ટી.ડી,સી.પી.એ,એમ.પી.એડ,બી.બી.એ,એમ.એસ.ડબ્લુય,એમ.ફીલ,બી.એડ,એલ.એલ.બી,જર્નાલીઝમ,લાઈબ્રેરી સાયન્સ,હોટેલ મેનેજમેન્ટ,આઈ.ટી.આઈના અભ્યાસક્રમોમાં નિયત મેરીટ મુજબ પ્રવેશ મળવા પાત્ર રહેશે. | |
| | તારીખ- | પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીની<br>સહી.................................................................. |

## વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ સાથે આપવાના સાધનીક આધાર પુરાવાની વિગતો

| | |
|---|---|
| (૧) ન્યુ એસ.એસ.સીથી દરેક પરીક્ષાની માર્કશીટની ખરી નકલ. | (૨) સક્ષમ અધિકારીનો આવકનો દાખલો |
| (૩) સક્ષમ અધિકારીનો જાતિનો દાખલો | (૪) વિદ્યાર્થી દ્વારા પ્રવેશ મેળવેલ સંસ્થાની ફીની પહોચ |
| (૫) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર | (૬) વિદ્યાર્થીનો ચાલ ચલગતનો તલાટીશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રીનો દાખલો |
| (૭) વિદ્યાર્થી દ્વારા અભ્યાસક્રમમાં તૂટ હોય તો રૂ.૨૦/- ના સ્ટેમ પેપર પર એફિડેવિટ રજૂ કરવું | |
| | |
| | |

<u>બાંહેધરી પત્રક.</u>

| | |
|---|---|
| ૧ | છાત્રાલયમાં કેમ્પસમાં શિસ્તમય અને શાંતિભર્યા વાતાવરણમાં અભ્યાસ થઇ શકે તે માટે હું સહકાર આપીશ. જો હુ વ્યકિતગત રીતે કે સમૂહના કોઇ ભાગરૂપે છાત્રાલયના નિયમોનું અથવા સરકારી છાત્રાલયના આદિજાતિ વિકાસ અધિકારીશ્રી/ મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીની મૌખિક અથવા લેખિત સુચનાનું પાલન ન કરવું, ગેરશિસ્ત આચરૂ અથવા આવી પ્રવૃતિને સીધે કે આડકતરી રીતે ઉત્તેજન કે ટેકો આપું તો મારો છાત્રાલય પ્રવેશ રદ થશે. અથવા દંડ સહિતના અન્ય કોઇપણ પગલાં લેવાશે તે હું જાણું છું. અને સ્વીકારૂ છું. |
| ૨ | છાત્રાલયમાં પ્રવેશ મેળવવાનો મારો હેતુ ખંત પૂર્વક અભ્યાસ કરી કારિકર્દી ઉજ્જવળ બનાવવાનો છે આ માટે હું મારા કોલેજ વર્ગમાં સંતોષકારક હાજરી આપવા બંધાઉ છું. મારૂ વર્તન આ હેતુ સાથે સુસંગત ન લાગે તેમજ મારા વર્તનની કોઇને હેરાનગતી પહોંચે તો આપ મારો છાત્રાલય પ્રવેશ રદ કરશો. |
| ૩ | છાત્રાલયમાં જે રૂમ મને ફાળવવામાં આવશે તે રૂમમાં ફર્નિચર, પંખા, ટયુબલાઇટ, વિજળીના ફીટીંગ વગેરે સાધન સામગ્રી હોય તે તમામનો હું કરકસરથી અને નુકસાન ન થાય તે રીતે ઉપયોગ કરીશ. તેમજ ઇલેકટ્રોનીકલ ઉપર જણાવ્યા સિવાયની કોઇપણ વસ્તુનો ઉપયોગ કરીશ નહી જો આમાં કસુર દેખાય તો આપ દ્વારા જે પગલાં લેવાશે તે સ્વકારીશ. |
| ૪ | છાત્રાલયના આદિજાતિ વિકાસ અધિકારીશ્રી/ મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીની મંજૂરી વિના હું રૂમ બદલીશ નહી. તેમજ મારા પાર્ટનર સિવાય અન્ય કોઇને રાત્રિ રોકાણ કરવા દઇશ નહી. છાત્રાલયમાં પ્રવેશ ન મળેલ આવી કોઇપણ વ્યકિતને છાત્રાલયમાં રાત્રિ રોકાણ કરવા બોલાવીશ નહી ને વધુમાં જો આવી કોઇપણ વ્યકિતને છાત્રાલયમાં ગેરકાયદેસર રહેવાના કિસ્સાઓ મારા ધ્યાન ઉપર આવશે તો તેની હું છાત્રાલયના આદિજાતિ વિકાસ અધિકારીશ્રી/ મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીને તરત જાણ કરીશ. |
| ૫ | છાત્રાલય પ્રવેશના ઇન્ટરવ્યું વખતે બતાવેલ નિયત અભ્યાસક્રમમાં કોલેજના પ્રવેશ અન્વયેજ છાત્રાલય પ્રવેશ થતો હોઇ છાત્રાલય પ્રવેશ બાદ અભ્યાસક્રમમાં ફેરફાર થશે તો છાત્રાલયમાંથી પ્રવેશ રદ ગણાશે. |
| ૬ | છાત્રાલય પ્રવેશ પહેલાં વિદ્યાર્થીને કોઇ ચેપી રોગ કે થેલેસેમિયા, સિકલસેલ જેવી બિમારી હોય તો તેની બધી જ જાણકારી અચૂક રીતે વાલીએ આપવાની રહેશે. જો જાણકારી નહી આપેલ હોય તો આવી છાત્ર/છાત્રાને કોઇપણ ગંભીર અસરો ઉભી થશે તો તેની જવાબદારી છાત્રાલયની રહેશે નહી. |
| ૭ | છાત્ર/છાત્રાને કોઇ કારણસર હોસ્પીટલમાં છાત્રાલય દ્વારા દાખલ કરાય તો તેની જાણકારી વાલીને તાત્કાલિક કરાશે, જાણકારી મળ્યા બાદ વાલીએ વહેલામાં વહેલી તકે છાત્રાલયના સંપર્કમાં રહી છાત્ર/છાત્રાની જવાબદારી લેવાની રહેશે. |
| ૮ | ઇલેકટ્રોનિકસ વસ્તુઓ જેવી કે, મોબાઇલ, લેપટોપ અને ઘડિયાળ કે અન્ય ઘરેણાં જેવા કિંમતી વસ્તુઓ પોતાની જવાબદારી પર લાવવાની રહેશે. આ વસ્તુઓની કોઇ જવાબદારી છાત્રાલયની રહેશે નહી. મોબાઇલ તેમજ લેપટોપ અભ્યાસ અન્વયે રાખવાની પરવાનગી વાલીશ્રીએ જાતે જ ઇન્ટરવ્યું વખતે જ જે તે અધિકારી પાસે લેખિતમાં આપવાની રહેશે. |
| ૯ | આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત આ છાત્રાલયમાં ખાનગી રાહે ચાલતા છાત્રાલયો કરતાં વિશિષ્ટ છે. તેથી તેની ભૌતિક સુવિધાઓને લગતા કોઇપણ પ્રશ્નો જે તે વિભાગના જ અધિકારી આગળ રજૂ કરવાના રહેશે. સરકારશ્રી દ્વારા ચાલતા આ છાત્રાલયમાં કોઇપણ જાતના રાજકીય પક્ષો કે વિદ્યાર્થી યુનિયનો દાખલ થઇ શકશે નહી કે છાત્ર/છાત્રાઓ આ પ્રકારે આવા કોઇ સંગઠનોને બિન જરૂરી રીતે સામેલ કરી શકશે નહી. આ પ્રકારનો પ્રયાસ ગેરશિસ્ત ગણાશે. |
| ૧૦ | વાલીશ્રીએ છાત્ર/છાત્રાના અભ્યાસકિય, માનસિક પ્રોત્સાહક તરીકે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અવાર નવાર માહિતી મેળવવી આવશ્યક રહેશે. |
| ૧૧ | છાત્રાલયમાં અન્ય છાત્રો સાથે સંપથી રહીશ તેઓને કોઇપણ અડચણ થાય તેવી પ્રવૃત્તિ કરીશ નહી છાત્રાલયમાં શાંત અને શિસ્તમય વાતાવરણને પોષવું એ હું મારી ફરજ સમજું છું. જો મારૂ વર્તન શાંતિ |

| | |
|---|---|
| | અને શિસ્તને ખલેલ પડતું જણાય તો આપ યોગ્ય પગલાં લઇ શકશો. |
| ૧૨ | હું છાત્રાલયના પ્રવર્તમાન નિયમોનું પાલન કરવા બંધાઉ છું. તેમજ વખતોવખત જે કંઇ નિયમોમાં સુધારા-વધારા થશે તે મને બંધનકર્તા રહેશે. |
| ૧૩ | મને છાત્રાલયમાં પ્રવેશ મળે જો હું નિયત કરેલ ડીપોઝીટ ફી ભરી ન શકું તો મારો પ્રવેશ આપો આપ રદ થશે. તે હું જાણું છું. આ રીતે રદ થયેલ પ્રવેશ પર મારો કોઇપણ જાતનો હકકદાવો કરીશ નહી. |
| ૧૪ | અત્રેના છાત્રાલયમાં શૈક્ષણિક વર્ષમાં હાજર થવા આવો ત્યારે આપના માતા-પિતા-વાલીને અવશ્ય હાજર રાખી બાંહેધરી પત્ર પર સહી કરીને રજૂ કરવાનું રહેશે. |
| ૧૫ | છાત્રાલયના વડાની સહીવાળુ આઇકાર્ડ મેળવીને સાથે રાખીશ તથા ભોજનાલય અને છાત્રાલયમાં જયારે અધિકૃત અધિકારીશ્રી દ્વારા ચકાસણી કરાશે ત્યારે રજૂ કરીશ. |
| ૧૬ | છાત્રોના અવર-જવર માટે રખાયેલ અધિકૃત રજીસ્ટરમાં સહી કરીને જ અંગત કારણોસર છાત્રાલયની બહાર જઇશ. |
| ૧૭ | બીજુ સત્ર પુરૂ થયેથી છાત્રાલયમાંથી મળેલ તમામ સામાનને જાતે જમા કરાવ્યા બાદ જ છાત્રાલયમાંથી છૂટો થઇશ. અન્યથા તમામ જવાબદારી મારી પોતાની રહેશે. |
| ૧૮ | શિષ્યવૃત્તિ મેળવવા બાબતે અરજી કરતી વખતે હોસ્ટેલમાં રહેતા હોવાનુ પ્રમાણપત્ર મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીની સહી વાળુ દરખાસ્ત સાથે અચૂક રજુ કરવાનું રહેશે ખોટી માહિતી રજુ કરેલ ધ્યાન પર આવશે તો પ્રવેશ રદ કરવામાં આવશે. |

***" શિસ્ત સાંકળ નથી, ઉચ્ચ ધ્યેયો રૂપી સાધ્યને હાંસલ કરવાનું સાધન છે. "***

ઉપરની તમામ બોંહેધરી અમે આપીએ છીએ આમાં દર્શાવેલ કોઇપણ બાબતનો ભંગ થયેથી છાત્રાલયના અધિકારીશ્રી કે શિસ્ત સમિતિ દ્વારા પ્રવેશ રદ કરવાના પગલાં લેશે તો અમને માન્ય અને બંધનકર્તા રહેશે.

વિદ્યાર્થીની સહી.
વિદ્યાર્થીનું નામઃ-
મોબાઇલ નંબરઃ-

વાલીની સહીઃ-
વાલીનું નામઃ-
મોબાઇલ નંબરઃ-